# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

**Fax** : (0261) 2227312 | **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ

**E-mail :** sgu@sguernet.in


**ખાનગી** | **સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** | **તા. ૨–૭–૨૦૦૭**

સિન્ડિકેટની તાકીદની સભા સોમવાર, તા.૨–૭–૨૦૦૭ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૨–૭–૨૦૦૭ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | ગેરહાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | ગેરહાજર |
| ૭. | આચાર્ય શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. કેશવભાઈ સી. પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંત જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૨૦. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |

**મા. કુલપતિશ્રી વડોદરાથી સુરત આવતી વખતે ભારે વરસાદ હોવાને કારણે વડોદરા પરત ગયાં હતાં અને યુનિવર્સિટીમાં ગેરહાજર હોવાને કારણે સભામાં ઉપસ્થિત રહ્યા ન હતાં. તેઓએ ઉપકુલપતિશ્રીને ટેલીફોનીક મેસેજ આપીને સભાનું અધ્યક્ષ સ્થાન લેવાં જણાવેલ હતું.**

**૧.** આગામી સેનેટની ચૂંટણીમાં યુનિવર્સિટી એકટ **16 (1) Class II Ordinary Members (A) (iii) (a) to (j)** ની જોગવાઈ મુજબ જુદી જુદી વિદ્યાશાખાના શિક્ષકોના મતદાર વિભાગની મતદારયાદીમાં યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/ સંસ્થા કે જેમણે યુનિવર્સિટીની આખરી ભલામણને આધારે રાજય સરકારશ્રીનું જોડાણ અગાઉ મેળવેલ હોય તેવી સંસ્થાએ યુનિવર્સિટીને જે તે શૈક્ષણિક વર્ષમાં જોડાણની અરજી કરી હોય અને તેવા જોડાણની પ્રક્રિયા યુનિવર્સિટી એકટ મુજબ ચાલતી હોય તેવા કિસ્સામાં તે સંસ્થાના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક કર્મચારીઓને તેમની વિનંતી મુજબની વિદ્યાશાખાની મતદારયાદીમાં સમાવેશ કરીએ કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, આગામી સેનેટની ચૂંટણીમાં યુનિવર્સિટી એકટ **16 (1) Class II Ordinary Members (A) (iii) (a) to (j)** ની જોગવાઈ મુજબ જુદી જુદી વિદ્યાશાખાના શિક્ષકોના મતદાર વિભાગની મતદાર યાદીમાં યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ કે સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/ સંસ્થા કે જેમણે યુનિવર્સિટીની આખરી ભલામણોને આધારે રાજય સરકારશ્રીનું જોડાણ અગાઉ મેળવેલ હોય તેવી સંસ્થાએ યુનિવર્સિટીને જે તે શૈક્ષણિક વર્ષમાં જોડાણની અરજી કરી હોય અને તેવા જોડાણની પ્રક્રિયા યુનિવર્સિટી એકટ મુજબ ચાલતી હોય તેવા કિસ્સામાં તે સંસ્થાના યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત શિક્ષકોને પણ તેમની વિનંતી મુજબની વિદ્યાશાખાની મતદાર યાદીમાં સમાવેશ કરવાનું ઠરાવવામાં આવે છે.

**૨.** ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત ચાલુ શૈક્ષણિક વર્ષે ૨૫માં પ્રવેશ કરી રહી છે. તેના અનુસંધાનમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ના વર્ષને સીલ્વર જયુબીલી વર્ષ તરીકે ઉજવણી માટે ચાલુ વર્ષ માટે રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) વિદ્યાર્થીનીઓ પાસે વસૂલ લેવાના છે. તો પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીનાં તા. ૮/૯–૫–૨૦૦૭નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત ચાલુ શૈક્ષણિક વર્ષે ૨૫માં પ્રવેશ કરી રહી છે. તેના અનુસંધાનમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ના વર્ષને સીલ્વર જયુબીલી વર્ષ તરીકે ઉજવણી માટે ચાલુ વર્ષ માટે રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) વિદ્યાર્થીનીઓ પાસે વસૂલ લેવાની આચાર્યની વિનંતી સ્વીકારવી નહી અને જો ફી લીધેલ હોય તો તે પરત કરવી.

**૩.** સેનેટની આગામી તા. ૧૨–૮–૨૦૦૭ના રોજ નિર્ધારીત થયેલ સેનેટની ચૂંટણીનું કાર્યાલય દ્વારા તૈયાર કરેલ સાહિત્યમાં

(૧) વિવિધ મતદાર વિભાગની નોટીસ (શાખ કરનાર સેનેટ સભ્યશ્રી–હાઈસ્કુલના આચાર્યશ્રીની યાદી અને આઈ કાર્ડ નમૂના સહિત)(હાઈસ્કુલ ટીચર્સ, હાઈસ્કુલ આચાર્યશ્રી, યુનિવર્સિટી કોલેજ ટીચર્સ, સ્નાતકોના મતદાર વિભાગ.

(૨) યુનિવર્સિટી વિસ્તારની નગરપાલિકાના પ્રમુખશ્રી તેમજ દાતાઓના મતદાર વિભાગની નોટીસ

(૩) ઉમેદવારી નિયુકતી પત્રક

(૪) મતદાન મથકના અધિકારીશ્રીને આપવાની સૂચના.

સૂધારા વધારા કરવા વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, આ બાબતે માનનીય શ્રી હોશંગભાઈ મીરઝા અને માનનીય શ્રી મયુરભાઈ ચૌહાણ સાથે બેસીને યુનિવર્સિટી નિયમોને અંતર્ગત સુધારા–વધારા સુચવે તે મા. કુલપતિશ્રી સમક્ષ મંજુર કરવા માટે મુકવા અને વધુમાં આ સંદર્ભે જરૂરી ઘટતું કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

વધુમાં, મતદાર યાદીની કિંમત મા. કુલપતિશ્રીએ નકકી કરેલ છે તેની નોંધ લેવામાં આવે છે અને મેનેજમેન્ટ વિદ્યાશાખાના સ્નાતકોના મતદાર વિભાગની મતદાર યાદીના રૂા. ૧૫૦/– અને મેનેજમેન્ટ વિદ્યાશાખાના કોલેજ ટીચર મતદાર વિભાગોની મતદાર માહિતીની કિંમત રૂા. ૧૪૦/– રાખવામાં આવે છે.

**૪.** યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ખાલી પડેલ શૈક્ષણિક જગાઓ રાજય સરકારશ્રીની $૧_{/૩}$ મુજબ બીજા તબકકાની જગા ભરવા મળેલ મંજૂરી અંતર્ગત કાર્યવાહી ચાલુ છે. જે સબબ જે તે વિભાગોમાં ખાલી રહેતી અથવા ફાળવવામાં ન આવેલ જગાઓ અર્થે જે તે વિભાગોના કાર્યભારને પંહોચી વળવા જે તે વિભાગોની જરૂરીયાત સંદર્ભમાં ગેસ્ટ લેકચરર/ ગેસ્ટ ફેકલ્ટીની નિમણૂંક કરવા અંગે આ વિભાગ પાસે વિવિધ વિભાગો દ્વારા માંગણીઓ કરવામાં આવે છે. તે સબબ જાહેરાત આપવાની થાય તો જાહેરાત આપી નિમણૂંક સુધીની સમગ્ર કામગીરી પૂરી કરતાં બે થી ત્રણ માસ પૂરા થવાની સંભાવના હોવાથી હાલ જે તે વિભાગમાં નિમણૂંક પામેલ ગેસ્ટ લેકચરર/ ગેસ્ટ ફેકલ્ટીને ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગત વર્ષે ૨૦૦૬–૨૦૦૭માં વિવિધ અનુસ્નાતક વિભાગોમાં મા. કુલપતિશ્રીના અધ્યક્ષતામાં ઈન્ટરવ્યુ લઈને જે શિક્ષકોની નિમણુંક ૧૧ (અગિયાર) મહિના માટે કરવામાં આવી હતી તે જ શિક્ષકોને જે તે વિભાગમાં વધુ ૧૧ (અગિયાર) મહિના માટે (શૈક્ષણિક વર્ષ: ૨૦૦૭–૨૦૦૮ માટે) નિમણુંક આપવામાં આવે.

**૫.** યુનિવર્સિટી માટે વાહનના કોન્ટ્રાકટર શ્રી સમીર નાયક, સાંઈરથ ટ્રાવેલ્સ, સુરત દ્વારા તેમને મળવા પાત્ર રકમ કરતાં વધુ નાણાં મેળવવા માટે બીલ સાથે મુકેલા મુસાફરીના પત્રક સાથે ચેડા કરીને, તેમા સુધારા વધારાં કરીને, મુસાફરી કરનાર યુનિવર્સિટી કર્મચારીની જાણ બહાર " પેટ્રોલ " શબ્દ પાછળથી ઉમેરીને, થયેલ મુસાફરી કરતા વધુ કિ.મી. દર્શાવતા દસ્તાવેજો ઉભા કરીને કર્મચારીની ખોટી સહી કરીને, ડીઝલ ગાડીને પેટ્રોલ ગાડી દર્શાવીને, બીલો રજૂ કરેલા હોવાનું ધ્યાને આવતાં, તેઓની સામે યુનિવર્સિટીએ તા. ૨૮–૬–૨૦૦૭નાં રોજ કાનૂની રાહે ફોજદારી પોલીસ કેસ કરેલ છે. તેની જાણ સારૂ તથા આ સંદર્ભ તેમનાં કોન્ટ્રાકટ અંગે શું કરવું તે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી લાંબી ચર્ચા વિચારણાને અંતે બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વાહન કોન્ટ્રાકટર સાંઈરથ ટ્રાવેલ્ર્સ વિરુધ્ધ ઉમરા પોલીસ સ્ટેશનમાં I / ગુ. ૨. નં. ૫૦૯ /૦૭ ઈ. પી. કો. ક. ૪૦૬, ૪૬૫, ૪૬૭ તથા ૪૭૧ અંતર્ગતની ગંભીર ફોજદારી ફરીયાદ યુનિવર્સિટી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. આ બાબત યુનિવર્સિટીની દ્રષ્ટિએ અત્યંત ગંભીર પ્રકારની છે, તેમજ યુનિવર્સિટી જેવી જાહેર સંસ્થા સાથે ગુનાહીત વિશ્વાસઘાત, છેતરપીડી, ડોકયુમેન્ટ સાથે ચેંડાં કરવા, ખોટા ડોકયુમેન્ટ વિગેરે ગુનાઓ છે.

જે હકીકતમાં મજકુર કોન્ટ્રાકટર વિરુધ્ધ પ્રાયમાફેસી કેસ સ્પષ્ટપણે જણાય છે જે કાયદેસરની હકીકતમાં સદરહું સાંઈરથ ટ્રાવેર્લ્સ નો કોન્ટ્રાકટ તાત્કાલીક અસરથી રદ કરવો , તેની ડીપોઝીટ જપ્ત કરવી, તેને બ્લેકલીસ્ટ જાહેર કરવો, તેને કોઈ પણ પ્રકારનું પેમેન્ટ હાલમાં ચૂકવવું નહિ, આજ સુધીના ચૂકવાયેલાં બીલોનું પણ વેરીફીકેશન કરવું, યુનિવર્સિટીના કેમ્પસના પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવો તથા યુનિવર્સિટીના મા. ઉપકુલપતિશ્રી વિરુધ્ધ કરવામાં આવેલ ખોટી ફરીયાદથી થયેલ બદનક્ષી વિરુધ્ધ પણ કાયદેસરના પગલાં ભરવા.

**૬.** આર. કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી. કોમ.નું ચાલુ જોડાણ તથા આર. કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લાઈડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી.સી.એ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંકઃ(૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૨**

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, આર. કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી. કોમ.નું નવું જોડાણ તથા આર. કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લાઈડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી.સી.એ.નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે આર. કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વાપીને શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી. કોમ.નું નવું જોડાણ તથા આર. કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લાઈડ સાયન્સીસ, વાપીને શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી.સી.એ.નું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

પ્રસ્તુત જોડાણ તા. ૩૦–૦૫–૨૦૦૭ના સિન્ડિકેટના ઠરાવક્રમાંક : ૧૦૧ અન્વયે માન્ય ઈન્ટેકનાં ૫૦% સીટ માટે રહેશે. વધુમાં આ ૫૦% સીટો માટે શિક્ષકનાં પ્રમાણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનાં રહેશે.

**શરતોઃ**

1. A full- time Director Should be appointed by the Management.
2. The College must appointed full time teachers (two for B. Com.), as per the requirements and norms of the University.
3. The College must comply with the requirement of the 0.69 A & 69 B of the University.

**તેમજ**

૪. કોલેજે મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વનિર્ભર સંસ્થા માટે નિશ્ચિત કરેલ પ્રક્રિયાને આધિન કરવાના રહેશે.

૫. કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી તમામ પ્રવેશ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટના સદર બાબતના ચૂકાદા મુજબ નફાખોરી **(Profiteering)** માં ન પરિણમે તે રીતે ફી નકકી કરવાની રહેશે, તેમજ પ્રવેશ સામે વિદ્યાર્થી પાસેથી કેપીટેશન ફી લઈ શકાશે નહિ.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૬–૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંકઃ (૨)નો સ્વીકાર કરવો અને આર. કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી. કોમ.નું નવું જોડાણ તથા આર. કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લાઈડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે એફ.વાય.બી.સી.એ.નું નવું જોડાણ મેળવવા ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે

રાજય સરકારને ભલામણ કરવી.

**૭.** કે. બી. સુમેરિયા કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ એન્ડ કોમર્સ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે,તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંકઃ(૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ ન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૩**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કે. બી. સુમેરિયા કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ એન્ડ કોમર્સ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે,તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**શરતો :**

1. They are required to strengthen there laboratories with departmental libraries. Each department must have departmental libraries with sufficient books.
2. They must increase the number of the copies of the books available in library.
3. They must charge fees from the student as per the guideline given by the universities and the state government.
4. They must follow University ordinance 69(A) & (B).

**તેમજ**

૫. કોલેજે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વનિર્ભર સંસ્થા માટે નિશ્ચિત કરેલ પ્રક્રિયાને આધિન કરવાના રહેશે.

૬. કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી તમામ પ્રવેશ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટના સદર બાબતના ચૂકાદા મુજબ નફાખોરી **(Profiteering)** માં ન પરિણમે તે રીતે ફી નકકી કરવાની રહેશે, તેમજ પ્રવેશ સામે વિદ્યાર્થી પાસેથી કેપીટેશન ફી લઈ શકાશે નહિ.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરવો અને કે. બી. સુમેરિયા કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ એન્ડ કોમર્સ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ જોડાણ મેળવવા ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે રાજય સરકારને ભલામણ કરવી.

૮. રોફેલ શ્રી જી. એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંકઃ (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, રોફેલ શ્રી જી. એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. મેડીકલ ટેકનોલોજીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલને ધ્યાને રાખી પ્રસ્તુત કોલેજનું બી.એસસી. મેડીકલ ટેકનોલોજી અભ્યાસક્રમનું જોડાણ બંધ કરવા નીચેના સભ્યોની એક કમિટિ બનાવવામાં આવે છે.

(૧) પ્રા. એન. બી. મહીડા (આવાહકશ્રી) – ડીન, ફેકલ્ટી ઓફ સાયન્સ

(૨) ડૉ. એમ. એચ. પરબીયા – ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ

(૩) આ. વિક્રમભાઈ દેસાઈ

વધુમાં સંસ્થા બંધ કરવા અંગે ત્યાંની વાસ્તવિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો. વિદ્યાર્થીની સંખ્યા અને બદલી અને શિક્ષકોના છૂટા કરવા અંગેના પ્રશ્નોનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરી તે અહેવાલ ફરી એકેડેમિક કાઉન્સિલમાં મુકવો.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં નીચેના સભ્યોની કમિટી બનાવવામાં આવે છે.

(૧) શ્રી સંજયભાઈ દેસાઈ– કન્વીનર (૨) આ. શ્રી એન. બી. મહિડા

(૩) ડૉ. એમ. એચ. પરબીયા (૪) આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ

વધુમાં, પ્રસ્તુત સંસ્થા માટે શ્રી સંજયભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવેલ વાંધાજનક બાબતો અંગે સમિતિ રીપોર્ટ સુપ્રત કરશે.

૯. શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ દરમ્યાન **H.S.C.** પરીક્ષાના ઉંચા પરીણામોને ધ્યાને લઈ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૬–૦૭ની સભામાં બાબત ક્રમાંક : (૯૧) અન્વયે વિચારણા કરી બી.સી.એ. ના અભ્યાસક્રમ ચલાવતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને વધુ એક વર્ગ ફાળવવા સંદર્ભે પ્રસ્તુત કોલેજો પાસે કોમ્પ્યુટરો, વર્ગખંડ વગેરે ભૌતિક સવલતો છે કે કેમ તે અંગેની ચકાસણી કરવા માટે નિયુકત કરેલ પેટાસમિતિના સભ્યોએ બી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈ મોકલાવેલ પેટાસમિતિના અહેવાલો ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**[નોંધઃ**

**(૧) એકેડેમિક કાઉન્સિલનો તા. ૧૨–૦૬–૨૦૦૭નો ઠરાવ ક્રમાંક : (૯૧)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ દરમ્યાન **H.S.C.** પરીક્ષાના ઉંચા પરીણામોને ધ્યાને લઈ બી.સી.એ. ના અભ્યાસક્રમ ચલાવતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને વધુ એક વર્ગ ફાળવવા સંદર્ભે પ્રસ્તુત કોલેજો પાસે કોમ્પ્યુટરો, વર્ગખંડ વગેરે ભૌતિક સવલતો છે કે કેમ તે અંગેની ચકાસણી કરવા નીચેના સભ્યોની પેટાસમિતિની નિમણૂંક કરવી અને પેટાસમિતિએ તૈયાર કરેલ રિપોર્ટ સિન્ડિકેટ વિભાગને રજૂ કરવો.

| | |
|---|---|
| (૧) રોફેલ શ્રી જી. એમ. બીલખીયા કોલેજ – વાપી<br>(૨) શ્રી એમ. આર આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ – ચીખલી<br>(૩) વી. એસ. પટેલ આર્ટસ્ એન્ડ સાયન્સ કોલેજ – બીલીમોરા<br>(૪) નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એપ્લાઈડ સાયન્સ– નવસારી<br>(૫) દોલત ઉષા ઈન્સ્ટીટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સ – વલસાડ | (૧) શ્રી દિનેશભાઈ દાસા<br>(૨) શ્રી વિક્રમભાઈ બી. દેસાઈ<br>(૩)શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ |
| (૬) સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ– અમરોલી<br>(૭) શ્રીમતી તનુબેન એન્ડ મનુબેન ત્રિવેદી કોલેજ, ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ – સુરત<br>(૮) સી. બી. પટેલ કોમ્પ્યુટર કોલેજ – ભરથાણા | (૧)ડૉ. કિરણભાઈ એમ. પંડયા<br>(૨) શ્રી અશોક એન. દેસાઈ<br>(૩) આ. એન. બી. મહીડા |
| (૯) આર. પી. ચૌહાણ આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ – વ્યારા<br>(૧૦) શ્રી બી. વી. પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ– બારડોલી<br>(૧૧) એમ. કે. ઈન્સ્ટીટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ – ભરૂચ | (૧) શ્રી ઘનશ્યામભાઈ રાવલ<br>(૨) ડૉ. વિનોદભાઈ જી. પટેલ |
| (૧૨) વિવેકાનંદ કોલેજ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોરમેશન સાયન્સ –સુરત<br>(૧૩) શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ, કુંભારીયા – સાબરગામ<br>(૧૪) વીર નર્મદ શિક્ષણ સંસ્થાન, ભેદવાડ – સુરત | (૧) ડૉ. આર. ડી. પટેલ<br>(૨) ડૉ. મીનુ. એચ. પરબીયા<br>(૩) ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ |

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે.

(૧) બી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતી ઉપરોકત કોલેજો પૈકીની અનુક્રમ નંબર (૭) અને (૯) એ બી.સી.એ. નો વધારાનો એક વર્ગ માટે ના કહી છે. તેથી તેમને વધારાનું ડીવીઝન ફાળવવું નહી.

(૨) સુરત શહેર બહારની જે કોલેજો માટે સમિતિએ વર્ગ વધારાં માટે ભલામણ કરી નથી. તેથી રોફેલ જી. એમ. બીલખીયા – વાપી ( અનુક્રમ નંબર – ૧) ને વર્ગ વધારો આપવો નહી અને જે કોલેજો માટે સમિતિનો અહેવાલ હકારાત્મક છે, તેથી તેઓ (અનુક્રમ નંબર ૨, ૩, ૪, ૫ , ૧૦ ) ને વર્ગ વધારો ૦૭–૦૮ માટે આપવો.

(૩) સુરત શહેરની કોલેજોમાં જે કોલેજો માટે સમિતિનો અહેવાલ હકારાત્મક છે તેથી કોલેજો અનુક્રમ નંબર ૬, ૮, ૧૨, ૧૩, ૧૪ માટે બહુમતીએ ઠરાવવામાં આવે છે કે વર્ગ વધારો શૈક્ષણિક વર્ષ ૦૭–૦૮ માટે આપવો.

(૪) ઉપરોકત સંસ્થાઓ પૈકી જે સંસ્થાઓ વર્ષ ૦૮–૦૯ થી કાયમ માટે એક વર્ગનો વધારો ઈચ્છતી હશે તેઓએ વર્ષ ૦૮–૦૯ થી જોડાણ અરજીમાં જ તે દર્શાવવાનું રહેશે.

(૫) જે સંસ્થાઓ માટે વર્ગ વધારાની મંજૂરી આપી છે તેમાં પ્રવેશો નીચેની શરતોનું પરીપાલન થયાંની સંસ્થાએ જરૂરી પુરાવા સાથે જાણ થયાં પછી આપવાં.

(અ) જરૂરી કોમ્પ્યુટરો દિન – ૧૫ માં ખરીદવા.

(બ) જરૂરી શિક્ષકોની ભરતી દિન – ૧૫ માં કરવી.

(૬) એમ. કે. ઈન્સ્ટીટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ – ભરૂચ (અનુક્રમ નં. ૧૧) માટે સંસ્થાએ બી.સી.એ. શરૂ કર્યુ ત્યારથી જ બે વર્ગો શરૂ રાખ્યા હોઈ તેઓ માટે નવો ત્રીજો વર્ગ વધારો આપવો નહીં.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/ ૬/ ૦૭ની સભાની ભલામણ ક્રમાંક : ૫માં ક્રમાંક : (૧), (૨) અને (૪), (૫), (૬)નો સ્વીકાર કરવો અને ક્રમાંકઃ (૩)નો નીચે મુજબના સુધારા વધારા સાથે મંજુર કરવું.

સુરત શહેરની કોલેજોમાં જે કોલેજો માટે સમિતિનો અહેવાલ હકારાત્મક છે તેવી કોલેજો અનુક્રમ નંબર ૬, ૮, ૧૨, ૧૩, ૧૪ માટે ઠરાવવામાં આવે છે કે વર્ગ વધારો શૈક્ષણિક વર્ષ ૦૭–૦૮ માટે આપવો નહી.

**૧૦.** સી. કે. પીઠાવાલા કોલેજ ઓફ ફાર્માસ્યૂટીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ના વર્ષ માટે ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે,તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૯**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સી. કે. પીઠાવાલા કોલેજ ઓફ ફાર્માસ્યૂટીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ના વર્ષ માટે ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે,તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોના યથાર્થ પરિપાલનની ચકાસણી માટે સ્થાનિક તપાસસમિતિનાં સભ્યો જ વેરીફીકેશન કમિટીનાં સભ્યો રહેશે અને વેરીફીકેશન કમિટિનો અહેવાલ સીધો સિન્ડિકેટમાં મૂકવો.

**શરતોઃ**

(૧) સંસ્થાએ ફાર્મસી માટે એઆઈસીટીઈનાં નિયમ અનુસાર આચાર્યની નિમણૂંક ફરજીયાત કરવાની હોય, તાકીદે નિમણૂંક કરવી.

(૨) હાલમાં સંસ્થાએ વધારાના ખુટતા પાંચ ટીચર્સોની નિમણૂંક યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર નિમણૂંક કરવામાં આવે.

(૩) સંસ્થાએ માઈક્રોબાયોલોજીની લેબમાં સાધનો મુકેલા ન હોય, સંપૂર્ણ સાધનોનું ઈન્સ્ટોલેશન કરવામાં આવે.

(૪) લાયબ્રેરીની અંદર લાઈબ્રેરીયનની નિમણૂંક યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ કરવામાં આવેલ ન હોય, તે પ્રમાણે નિમણૂંક કરવામાં આવે.

(૫) લાયબ્રેરીની અંદર જનરલ બ્રીટીશ મેડીકલ જનરલ તેમજ અમેરીકન જનરલ ઓફ હોસ્પીટલ ફાર્મસી તેમજ ડેવલપમેન્ટ એન્ડ ઈન્ડીયન ફાર્મસીનાં પુસ્તકો વસાવવામાં આવે તેમજ લાયબ્રેરીમાં સ્ટુડન્ટ માટે કોમ્પ્યુટર મુકવામાં આવે. અને તે કોમ્પ્યુટર ઈન્ટરનેટ ધ્વારા જોડાણ આપવામાં આવે.

**તેમજ**

(૬) કોલેજે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વનિર્ભર સંસ્થા માટે નિશ્ચિત કરેલ પ્રક્રિયાને આધિન કરવાના રહેશે.

(૭) કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી તમામ પ્રવેશ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટના સદર બાબતના ચૂકાદા મુજબ નફાખોરી **(Profiteering)** માં ન પરિણમે તે રીતે ફી નકકી કરવાની રહેશે, તેમજ પ્રવેશ સામે વિદ્યાર્થી પાસેથી કેપીટેશન ફી લઈ શકાશે નહિ.

(૮) ઓર્ડિનન્સ – ૬૯–એ તથા ૬૯–બી ની જોગવાઈઓનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને સી. કે. પીઠાવાલા કોલેજ ઓફ ફાર્માસ્યૂટીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ના વર્ષ માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા મા.કુલપતિશ્રી દ્વારા નિમેલ સભ્યોની વેરીફીકેશન કમિટિનો રીપોર્ટ આવ્યા બાદ જોડાણ અંગેની આગળની કાર્યવાહી માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવી.

**૧૧.** શ્રી ભારતીય વિદ્યામંડળ ટ્રસ્ટ સંચાલિત આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ, સુરતમાં **P.G.DMLT (Medical Laboratory Technology)** નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર **(Self Financed)** ધોરણે ચલાવવા માન્યતા માટેની કોલેજની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટેની રીન્યુઅલ અરજી સંદર્ભમાં મા.કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિ **(LIC)** નો પ્રસ્તુત અહેવાલ **(LIC Report)** પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**નોંધ:** બી.યુ.ટી. ની તા. ૭–૬–૨૦૦૭ ની સભાના ઠરાવ નં. ૪૯ હેઠળ શ્રી ભારતીય વિદ્યામંડળ ટ્રસ્ટ સંચાલિત આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ, સુરતમાં **P.G.DMLT (Medical Laboratory Technology)** ની સ્થાનિક તપાસ સમિતિ **(LIC)** નો અહેવાલ એકેડેમિક કાઉન્સિલમાં રજૂ કરવા અને આગળની કાર્યવાહી માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ છે.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૦**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ભારતીય વિદ્યામંડળ ટ્રસ્ટ સંચાલિત આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ, સુરતમાં **P.G.DMLT (Medical Laboratory Technology)** નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર **(Self Financed)** ધોરણે ચલાવવા માન્યતા માટેની કોલેજની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટેની રીન્યુઅલ અરજી સંદર્ભમાં મા.કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિ **(LIC)** નો પ્રસ્તુત અહેવાલ **(LIC Report)** માં જણાવેલ શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮નાં વર્ષ માટે **P.G.DMLT (Medical Laboratory Technology)** નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર **(Self Financed)** ધોરણે ચલાવવા માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**શરતો :**

(૧) **Principal / Director** ની નિમણૂંક કરવામાં આવે. જાહેરાત આપી કાર્યવાહી કરવાની બાંહેધરી આપવામાં આવેલ છે.

(૨) મેડીકલ ટેકનોલોજીનાં લેકચરરની નિમણૂંક કરવામાં આવે. ગુજરાત સમાચાર તા. ૧૯–૦૬–૦૭ નાં રોજ જાહેરાત આપેલ છે.

(૩) પાંચ માઈક્રોસ્કોપ નવા ખરીદવામાં આવે.

(૪) યુનિ.નાં ધારાધોરણોનું પાલન કરવામાં આવે.

**તેમજ**

(૫) કોલેજે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વનિર્ભર સંસ્થા માટે નિશ્ચિત કરેલ પ્રક્રિયાને આધિન કરવાના રહેશે.

(૬) કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી તમામ પ્રવેશ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટના સદર બાબતના ચૂકાદા મુજબ નફાખોરી **(Profiteering)** માં ન પરિણમે તે રીતે ફી નકકી કરવાની રહેશે, તેમજ પ્રવેશ સામે વિદ્યાર્થી પાસેથી કેપીટેશન ફી લઈ શકાશે નહિ.

(૭) ઓર્ડિનન્સ – ૬૯–એ તથા ૬૯–બી ની જોગવાઈઓનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૬–૨૦૦૭ની સભાની ભલામણ ક્રમાંકઃ (૧૦) નો સ્વીકાર કરવો અને રાજ્ય સરકારને ભલામણ કરવી.

**૧૨.** એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના સભ્યશ્રી હેમંતભાઈ ટોપીવાલાના અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, નવસારીના બી.બી.એ. અભ્યાસક્રમના નવા જોડાણ અંતર્ગત પ્રસ્તુત સંસ્થાએ યુનિવર્સિટીની પરવાનગી વગર તથા વેરીફીકેશન અને સિન્ડિકેટનું એપ્રુવલ બાકી હોવા છતાં પ્રથમ વર્ષ બી.બી.એ.માં યુનિવર્સિટીની જાણ બહાર ગેરકાયદેસર આપેલ પ્રવેશો અંગેના પ્રસ્તાવ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ સંસ્થાના ગેરકાયદેસર અપાયેલા પ્રવેશો મંજૂર કરવા નહી. પ્રસ્તુત સંસ્થાના સંચાલકોને તેમણે આપેલા ગેરકાયદેસર પ્રવેશો સંદર્ભે મા.કુલપતિશ્રીએ રૂબરૂ બોલાવી પ્રવેશ નહીં આપવા જણાવ્યું હતું. ત્યારબાદ પણ સંસ્થાએ પ્રવેશો આપવાનું ચાલુ રાખ્યું આથી આ પ્રવેશો અમાન્ય કરી જોડાણ નહીં આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સંસ્થા સંદર્ભે મા. કુલપતિશ્રી દ્વારા મુકવામાં આવેલ તપાસસમિતિનાં રીપોર્ટ અને સંસ્થા દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને લઈ, વેરીફીકેશન કમિતિના અહેવાલનાં આધારે સિન્ડિકેટ વતી નિર્ણય કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

વધુમાં, પ્રસ્તુત સંસ્થાને ગેરકાયદેસર આપેલ પ્રવેશો બાબતે લેખિતમાં ઠપકો આપવો.

**૧૩.** શ્રી બી.વી. પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, તરસાડીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**તા.૧૩–૦૩–૦૭ ની એકેડેમિક કાઉન્સિલની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૪૫)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી બી.વી. પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, તરસાડીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોને આધિન શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ જોડાણ એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી બી.વી. પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, તરસાડીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવેલ નીચેની શરતોને આધિન તેમજ સંસ્થા ધ્વારા સીધાં છૂટા કરાયેલા શિક્ષક શ્રી રાજેશ દવે અને સંસ્થા વચ્ચેનાં સમાધાનનો પત્ર યુનિવર્સિટીને મળ્યા બાદ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ

જોડાણ એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

Condition:

(1) Full Time qualified Director be appointed.

(2) Librarian of the approved qualification should be appointed through the proper selection procedure of the university and paid remuneration as per the norms of Government of Gujarat, U.G.C. and the University.

**તેમજ**

(૩) કોલેજે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વનિર્ભર સંસ્થા માટે નિશ્ચિત કરેલ પ્રક્રિયાને આધિન કરવાના રહેશે.

(૪) કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી તમામ પ્રવેશ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટના સદર બાબતના ચૂકાદા મુજબ નફાખોરી **(Profiteering)** માં ન પરિણમે તે રીતે ફી નકકી કરવાની રહેશે, તેમજ પ્રવેશ સામે વિદ્યાર્થી પાસેથી કેપીટેશન ફી લઈ શકાશે નહિ.

(૫) ઓર્ડિનન્સ – ૬૯–એ તથા ૬૯–બી ની જોગવાઈઓનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અનેશ્રી બી.વી. પટેલ ઇંસ્ટિટયૂટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, તરસાડીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ જોડાણ એક વર્ષ માટે જોડાણ ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે રાજય સરકારને ભલામણ કરવી.

વધુમાં, ટીચર્સના પ્રમાણમાં વિદ્યાર્થીઓ (ઈન્ટેક) ફાળવવાં.

**૧૪.** માલીબા ફાર્મસી કોલેજ, તરસાડી, જિ. સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮થી સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦/૦૬/૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**તા. ૦૫–૦૫–૦૭ ની એકેડેમિક કાઉન્સિલની સભાનો ઠરાવ ક્રમાંકઃ (૪૨)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, માલીબા ફાર્મસી કોલેજ, તરસાડી, જિ. સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮થી સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોને ધ્યાને લેતાં પરંતુ યુનિવર્સિટીના ઓર્ડિનન્સની જોગવાઈ પ્રમાણેની કાર્યવાહી કર્યા વગર એક અધ્યાપકને સીધા જ બારોબાર છુટા કરેલ છે તે અંગે પોતાની સ્થિતી સ્પષ્ટ કરવાં અને કુલપતિશ્રી સમક્ષ જરૂરી સ્પષ્ટતા કરવા જણાવવું અને ત્યારબાદ જ જોડાણ અંગેની આગળની કાર્યવાહી કરવી.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૦૬/૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૬**

:: આથી ઠરાવવામાં આવે છે કે, માલીબા ફાર્મસી કોલેજ, તરસાડી, જિ. સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮થી સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવેલ નીચેની શરતોને આધિન તેમજ સંસ્થા ધ્વારા સીધાં છૂટા કરાયેલા શિક્ષક શ્રી રાજેશ દવે અને સંસ્થા વચ્ચેનાં સમાધાનનો પત્ર યુનિવર્સિટીને મળ્યા બાદ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**શરતોઃ**

(૧) કોલેજમાં ડાયરેકટર / આચાર્યશ્રીની જરૂરિયાત અંગે તા. ૨૭–૦૪–૦૬ તથા ૨૦૦૪–૦૬ ના રોજ દૈનિક પત્રકોમાં જાહેરાત અપાયેલ છે, પરંતુ આજદિન સુધી તેની નિમણૂંક કરવામાં આવેલ નથી.

(૨) એ.આઈ.સી.ટી.ઈ. ની શરતો અનુસાર પ્રોફેસર, આસીસ્ટન્ટ પ્રોફેસર, લેકચરર પૂરતાં પ્રમાણમાં નથી કોલેજ ધ્વારાં પૂરી પડાયેલ યાદીમાં ૧૮ શિક્ષકોની યાદી છે, તેમાં ૧ પ્રોફેસર, ૨ આસીસ્ટન્ટ પ્રોફેસર અને ૧૫ લેકચરર દર્શાવેલ છે. તેમાંના હાલ ૩ અધ્યાપક અંગેની માહિતી અસ્પષ્ટ હતી. અને તે હાજર ન હતા.

(૩) અનુભવી અધ્યાપકોની સંખ્યા અપૂરતી છે. સત્વરે જરૂરી આસીસ્ટન્ટ પ્રોફેસર અને લેકચરરની નિમણૂંક કરવામાં આવે છે.

(૪) તમામ કર્મચારીઓનો પગાર નિયમિત તારીખે થતો નથી અને એરીયસની ચૂકવણી થયેલ નથી.

(૫) અધ્યાપકોને સંશોધન માટે પૂરતો અવકાશ અને સ્વતંત્રતા મળતી નથી.

(૬) અધ્યાપકોને યુનિવર્સિટીના ધારાધોરણ અંગેની માહિતી મળતી નથી તેમજ અધ્યાપકો સાથે આચાર્યશ્રીનું ઈન્ટરકેશન ઓછું છે.

(૭) લાયબ્રેરીયનની કાયમી નિમણૂંક કરવામાં આવી નથી. તેમજ નિમણૂંક પણ આપવામાં આવેલ નથી અને ફીકસ પગારમાં વ્યકિત કામગીરી કરે છે, સત્વરે લાયબ્રેરીયનની નિમણૂંક કરવામાં આવે.

(૮) લેબોરેટરીની લાયકાત ધરાવતા લેબોરેટરી આસીસ્ટન્ટ છે તેમને પણ ફીકસ પગાર ચૂકવવામાં આવે છે.મહેકમમાં ખૂટતા કર્મચારીઓની નિયમઅનુસાર નિમણૂંક કરવામાં આવે.

(૯) રમતગમતના મેદાનનો વધુ વિકાસ કરવામાં આવે.

(૧૦) નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા સરકારશ્રી ધ્વારા કે યુનિવર્સિટી ધ્વારા વખતોવખત અમલમાં આવતા ધારાધોરણનું યર્થાથ પાલન કરવાની બાંહેધરી લેવામાં આવે.

**તેમજ**

(૧૧) કોલેજે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્વનિર્ભર સંસ્થા માટે નિશ્ચિત કરેલ પ્રક્રિયાને આધિન કરવાના રહેશે.

(૧૨) કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી તમામ પ્રવેશ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટના સદર બાબતના ચૂકાદા મુજબ નફાખોરી **(Profiteering)** માં ન પરિણમે તે રીતે ફી નકકી કરવાની રહેશે, તેમજ પ્રવેશ સામે વિદ્યાર્થી પાસેથી કેપીટેશન ફી લઈ શકાશે નહિ.

(૧૩) ઓર્ડિનન્સ – ૬૯–એ તથા ૬૯–બી ની જોગવાઈઓનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને માલીબા ફાર્મસી કોલેજ, તરસાડી, જિ. સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ એક વર્ષ માટે ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે રાજય સરકારને ભલામણ કરવી.

**૧૫.** યુનિવસિર્ટી હોસ્ટેલના વોર્ડનશ્રીના હોસ્ટેલ ફીમાં કરવામાં આવનાર વધારાની વહેંચણી અંગે તા. ૨૬–૦૬–૦૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

હોસ્ટેલ એડવાઈઝરી સમિતીમાં ઠરાવ નં–૫ અનુસાર હોસ્ટેલ ફી માં વધારો કરવામાં આવેલ છે. જે પૈકી નીચે મુજબ દરેક ફી માં વધારો સૂચવવામાં આવેલ છે.

| | ફી ની વિગત | પહેલાની ફી | સૂચિત ફી |
|---|---|---|---|
| (૧) | હોસ્ટેલ ફી | ૩૨૫ /– | |
| | ૫૦૦ /– | | |
| (૨) | ઈલેકટ્રીક ચાર્જ | ૨૨૫ /– | |
| | ૨૫૦ /– | | |
| (૩) | પોટ શર્ડ | ૧૫૦ /– | ૧૫૦ /– |
| (૪) | સ્પોર્ટસ અને કલ્ચર્ડ્ | ૧૦૦ /– | ૧૦૦ /– |
| | | **૮૦૦/–** | **૧૦૦૦/–** |
| (૫) | હોસ્ટેલ ડીપોઝીટ | ૪૦૦ /– | ૪૨૫ /– |
| (૬) | કોશન મની | ૫૦ /– | ૭૫/– |
| | | **૪૫૦/–** | **૫૦૦/–** |
| (૭) | સિંગલ રૂમ ફી | ૧૨૦૦/– | ૧૫૦૦/– |

યુનિ. હોસ્ટેલમાં વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ દ્વારા વપરાશમાં લેવા આવનાર ઈલેકટ્રિક ઉપકરણોના સંયમી પાલન માટે ઈલેકટ્રિક ઉપકરણોનો ચાર્જ લેવાનું ઠરાવ નં–૧૧મા લેવામાં આવેલ છે. જે નીચે પૈકી છે.

૧. ઈસ્ત્રીના વપરાશ અંગે – રૂા. ૬૦૦/– સત્ર દીઠ.

૨. કોમ્પ્યુટરના વપરાશ અંગે રૂા. ૪૦૦/– સત્ર દીઠ.

૩. લેપટોપનાં વપરાશ અંગે રૂા. ૩૦૦/– સત્ર દીઠ.

ઉપરોકત ફીનો સમાવેશ પણ હોસ્ટેલ ફી ની રસીદમાંજ કરી લેવા અંગે સૂચન છે.

(હોસ્ટેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત ફી અંગે પુનઃ વિચારણા કરવા હોસ્ટેલ સમિતિને રીફર બેક કરવી.

**જાણ સારૂ.**

**૧૬.** વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ **(U.G.C.) -** ન્યુ દિલ્હી, દ્વારા અગિયારમી પંચવર્ષીય યોજના **(XI Plan)** માટે પ્રથમ હપ્તા તરીકે રૂા. ૪૨,૯૦,૦૦૦/– (રૂપિયા બેતાળીસ લાખ નેવું હજાર પૂરા) "જનરલ ડેવલપમેન્ટ આસિસ્ટન્ટ સ્કીમ" હેઠળ આર્થિક સહાય સનેઃ ૨૦૦૭–૨૦૦૮ માટે આર્થિક સહાય મંજૂર કર્યા અંગેની જાણ કરતા આયોગના તા.૯ મી જૂન ૨૦૦૭ના પત્રક્રમાંકઃ એફ.નં.૩૦–૨/૨૦૦૭ (એસ.યુ.આઈ)ની જાણ થવા સારૂ.

(યુ.જી.સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા.કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

૧૭. યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર અનુસ્નાતક કેન્દ્રોને પણ શૈક્ષણિક અને વહીવટી મહેનતાણાને શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી ગ્રાન્ટેડ તરીકે ગણી હાલમાં ચાલતા જે અનુસ્નાતક કેન્દ્રનો ખર્ચ જે તે મેનેજમેન્ટ ભોગવે છે તેવા તમામ અનુસ્નાતક કેન્દ્રોનો ખર્ચ યુનિવર્સિટીએ ઉપાડવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોમાં ચાલતા નીચે જણાવેલ સ્વનિર્ભર અનુસ્નાતક કેન્દ્રોને પણ શૈક્ષણિક અને વહીવટી મહેનતાણાને શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭થી ગ્રાન્ટેડ તરીકે ગણી હાલમાં ચાલતા જે અનુસ્નાતક કેન્દ્રનો ખર્ચ જે તે મેનેજમેન્ટ ભોગવે છે તેવા તમામ અનુસ્નાતક કેન્દ્રોનો ખર્ચ યુનિવર્સિટીએ ઉપાડી લેવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરત.
એમ.કોમ. એકાઉન્ટન્સી

(૨) ઝેડ.એફ.વાડિયા વુમેન્સ આર્ટ્સ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત.
એમ.કોમ. એકાઉન્ટન્સી

(૩) એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.
એમ.કોમ. એકાઉન્ટન્સી (ઈંગ્લીશ મીડીયમ)

(૪) રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપી.
એમ.કોમ. એકાઉન્ટન્સી

(૫) પી.આર.બી. આર્ટ્સ એન્ડ પટેલ જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી.
એમ.એ. ગુજરાતી અને એમ. કોમ. એકાઉન્ટન્સી

૧૮. નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ, જિ.ઃ નર્મદાની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ માટે આપેલ પ્રવેશોને અન્ય નવી બી.એડ્. કોલેજો શરૂ થઈ છે. ત્યાં કોલેજના વિદ્યાર્થીઓ ફાળવવા સિન્ડિકેટે તેની તા.૩૦–૫–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૦) પ્રમાણે ઠરાવેલ હોય આ સંસ્થાએ પ્રવેશ બી.એડ્. સમિતિ દ્વારા ફાળવેલા પ્રવેશોના ફોર્મ પરત મંગાવવા માટે કાર્યવાહી હાથ ધરતાં સંસ્થાએ કોલેજ શરૂ કરીને પ્રવેશ ફોર્મ પરત ન આપતાં કોલેજ શરૂ કરી દીધી તે પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સંસ્થાને શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ માટે સિન્ડિકેટ દ્વારા જોડાણ ન આપેલ હોય ફાળવેલા પ્રવેશો યુનિવર્સિટી માન્ય કોલજોમાં ટ્રાન્સફર કરવાના હોવાથી સંસ્થા પાસેના પ્રવેશ ફોર્મ પ્રવેશ સમિતિ/ યુનિવર્સિટીને પરત ન કરેલ હોય તેની ગંભીર રીતે નોંધ લઈ તાત્કાલીક પ્રવેશ ફોર્મ યુનિવર્સિટીને સુપ્રત કરવા તાકિદ કરવામાં આવે અને જો સંસ્થા સહકાર ન આપે અને પ્રવેશ ફોર્મ ન પરત કરે તો કાનૂની રાહે કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૧૯. સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી (બી.ફાર્મ), વડોદરાનું સ્વનિર્ભર ફાર્મસી અભ્યાસક્રમનું બીજા ત્રણ વર્ષ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું જોડાણ ચાલુ રાખવા અંગેની વિનંતી કરતા, સદરહું સંસ્થાના આચાર્યશ્રી ડો.યુ.એમ.ઉપાધ્યાયના તા. ૧૯–૫–૨૦૦૭ના પત્રાંકઃ **SIP/987/07** ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ**

૧. સિન્ડિકેટે તેની તા.૧૭–૧૦–૨૦૦૬ની સભામાં બાબત ક્રમાંકઃ (૭) અન્વયે વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું સંસ્થાનું શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૨૦૦૮થી પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા ચોથા વર્ષનું જોડાણ ગુજરાત યુનિવર્સિટી પાસેથી મેળવી લેવા માટે મંજૂરી આપવામાં આવે છે. તથા પરીક્ષા સંબંધિત પ્રશ્નો અંગે નિર્ણય કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૨. સદરહું સંસ્થાને સિન્ડિકેટ સભાના ઉપરોકત ઠરાવની જાણ અત્રેથી તા.૨૧–૧૧–૨૦૦૬ના પત્રથી કરવામાં આવી છે.

૩. ગુજરાત યુનિવર્સિટીના મા.કુલપતિશ્રી પરિમલભાઈ ત્રિવેદીને સિન્ડિકેટ સભાના ઉપરોકત ઠરાવની જાણ અત્રેથી તા. ૧૨–૧૨–૨૦૦૬ના પત્રથી કરવામાં આવી છે.

૪. સદરહું સંસ્થાની શૈ.વર્ષ : ૨૦૦૭–૨૦૦૮ની જોડાણઅરજી સાથે ભરેલ અરજી ફીની રકમ રૂા.૪૦,૦૦૦/– પરત કરવા અંગેની વિનંતી સ્વીકારી આદેશાનુસાર સંસ્થાને તે રકમ પરત કરવા અંગેનો કાર્યાલય આદેશ હિસાબી વિભાગને તા. ૧૦–૫–૨૦૦૭ પત્રથી મોકલવામાં આવ્યો છે. જેથી સંસ્થાની જોડાણઅરજી પર કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.)

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાની અરજી ધ્યાને લેવા સદર સંસ્થાનું જોડાણ ક્રમશઃ બંધ કરવા માટે મંજૂરી આપવામાં આવે છે અને જોડાણ સંદર્ભે એલ.આઈ.સી. **(LIC)** મૂકી તેના રીપોર્ટના આધારે જોડાણ અંગે સિન્ડિકેટ વતી નિર્ણય કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૨૦. શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સુચિત શ્રી સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૦૭થી નવો સ્વનિર્ભર ફાર્મસીનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ ફાર્મસી કોલેજનું નામ **" શ્રી સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ"** ને બદલે હવેથી **"શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બંભરોલીયા સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ (શ્રીમતી બી.એન. બંભરોલીયા સ્વામાનારાયણ ફાર્મસી કોલેજ)"** એમ સુધારવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટનાં નિયામકશ્રીના તા. ૨૦–૦૬–૦૭ના પત્રાંક ૧૩૩/૦૭ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સુચિત શ્રી સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ નું નવું નામ તેમના પત્રમાં દર્શાવ્યા મુજબ " શ્રી સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ" ને બદલે હવેથી "શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બંભરોલીયા સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ (શ્રીમતી બી.એન. બંભરોલીયા સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ)" રાખવા માટેની મંજૂરી નિયમોનુસાર ફી

લઈને આપવી.

૨૧. સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાલીયાની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ના વર્ષ માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયકુત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ ૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૬–૨૦૦૭ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૧૭**

શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૦૮ માટે જે સંસ્થાઓએ જોડાણ માટે યુનિવર્સિટીને અરજી કરી છે. પરંતુ તેના સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ બાકી છે તેવી સંસ્થાઓ (૧) વાલીયા મેડીકલ (૨) સાયણ બી.એડ્. (૩) આત્મીય ઈન્સ્ટિટયૂટ ઓફ એમ.બી.એ., ભરૂચ માટે સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ અને શરતોને આધીન જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવા એકેડેમિક કાઉન્સિલ વતી માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ બાબતો આગામી એકેડેમિક કાઉન્સિલની સભામાં જાણ માટે મુકવાની રહેશે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાલીયા, ભરૂચ.

(૨) સાયણ વિભાગ કેળવણી મંડળ, સાયણ સંચાલિત સૂચિત નવી બી.એડ્. કોલેજ, મુ.પો.: સાયણ, તા.: ઓલપાડ, જિ.: સુરત.

(૩) શ્યામ એજયુકેશન ટ્રસ્ટ, ઝાડેશ્વર, ભરૂચ સંચાલિત સૂચિત નવી આત્મીય એમ.બી.એ., ઝાડેશ્વર, જિ.: ભરૂચ.

(૪) વી.એસ.પટેલ કોલેજ, બીલીમોરા

ઉપરોકત કોલેજોનાં રીપોર્ટના આધારે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૨૦૦૮ માટે જોડાણ અંગે જરૂરી શરતોને આધીન રાજય સરકારને ભલામણ કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૨૨. યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગનાં સીનીયર મોસ્ટ પ્રોફેસરને વિભાગનાં વડા બનાવવામાં આવે છે. જે તે વિભાગમાં પ્રોફેસર તરીકે નિમણૂક ડાયરેકટ રીક્રુમેન્ટથી અને કેરીયર એડવાન્સમેન્ટથી નિયમોનુસાર થાય છે અને હાલમાં સીનીયર મોસ્ટ પ્રોફેસર તરીકે જે પહેલાં નિમણૂક પામે તેને ગણવાનો શિરસ્તો છે. અન્ય યુનિવર્સિટીઓએ આ સંદર્ભે સિન્ડિકેટમાં બાબત મુકી કોને સીનીયર ગણવાં તે નકકી કરેલ છે. આ સંદર્ભે સીનીયર મોસ્ટ પ્રોફેસર ડાયરેકટર રીક્રુમેન્ટને ગણવાં કે કેરીયર એડવાન્સમેન્ટથી આવતાં શિક્ષકને ગણવાં તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી લાંબી ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં કાર્યરત ડાયરેકટ રીક્રુટી પ્રોફેસરને કેરીયર એડવાન્સમેન્ટ/ મેરીટ પ્રમોશનમાં પસંદગી પામેલ પ્રોફેસર કરતાં સિનિયર ગણવા તથા તેનો વર્તમાન હેડ માટે અને આવનાર કેસ માટે પણ અમલ કરવો.

૨૩. કોમર્સ ફેકલ્ટીના ડીનશ્રી, આ. ડૉ. યુ.ટી.દેસાઈના તા. ૨૭–૬–૨૦૦૭ના પત્રાંકઃ **100/ PG/ 147/ 2007-2008** પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.કોમ. પ્રથમ વર્ષમાં વિદ્યાર્થીઓ પ્રવેશ લીધા બાદ અભ્યાસ છોડીને ચાલ્યા જતા હોવાથી એમ.કોમ.માં ૬૦ પ્રવેશોની જગ્યાએ ૬૬ પ્રવેશો આપવાનું ઠરાવવામાં આવે છે.

૨૪. વિદ્યામંદિર સોસાયટી, સુરત સંચાલિત ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન. કે. જહ્નોટા કોલજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ડીપ્લોમા ઈન ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ (એક વર્ષિય)નું નવુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨– ૦૬–૦૭ની ભલામણ ક્રમાંક (૧૩) પર સિન્ડિકેટની તેની તા.૨૧–૬–૨૦૦૭ની સભામાં બાબત ક્રમાંક : (૧૬) અન્વયે ઠરાવ્યાનુસાર, બનાવેલ કમિટિનાં સભ્યોએ સદરહું સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ કમિટિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યામંદિર સોસાયટી, સુરત સંચાલિત ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન. કે. જહ્નોટા કોલજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરતની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ડીપ્લોમા ઈન ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ (એક વર્ષિય)નું નવુ જોડાણ ચકાસણી સમિતિના અહેવાલમાં આપેલ શરતોનું પરિપાલન કરવાની શરતે રાજય સરકારને ભલામણ કરવી.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૮૫૬૪/ ૨૦૦૭ **ઈ.ચા. કુલસચિવ**
તા. ૯/ ૦૮/ ૨૦૦૭

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……